Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય-પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રભુ પ્રાર્થના | ... | ૨૫ |
| ૨. | ક્ષમા યાચના | ( સંગ્રાહક સ. ક. વિ. ) ... | ૨૬ |
| ૩. | પ્રભુ પ્રાર્થના | ( ,, ) ... | ૨૬ |
| ૪. | ઋષભપંચાશિકા | ( ભગવાનલાલ મનસુખભાઇ મહેતા ) ... | ૨૭ |
| ૫. | સમ્યગ્જ્ઞાનની કુંચી | ... | ૨૮ |
| ૬. | મુમુક્ષુ આત્માઓએ જાણવા જેવું | ( મુમુક્ષુ મુનિ ) ... | ૩૨ |
| ૭. | જલબિન્દુઓ | ( રાજપાળ મગનલાલ વ્હોરા ) ... | ૩૫ |
| ૮. | ચક્રવર્તી અને વાસુદેવ | ( મોહનલાલ દી. ચોકસી ) ... | ૪૦ |
| ૯. | સ્વ૦ મુનિરાજ શ્રી ચરણવિજયજી | ... | ૪૩ |
| ૧૦. | ક્ષમાપના | ( રેવાશંકર વાલજી બધેકા ) ... | ૪૬ |
| ૧૧. | સ્વીકાર સમાલોચના | ... | ૪૭ |
| ૧૨. | ચર્ચાપત્ર | ... | ૪૮ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર ( બીજા પર્વથી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.

૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )

૪ પ્રાકૃત વ્યાકરણ ઢુંઢિકાવૃત્તિ.

જલદી મંગાવો. તૈયાર છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ટિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३५] वीर सं. २४६३. भाद्रपद, आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [अंक २ जो.

## પ્રભુ પ્રાર્થના.

( શિખરિણી છંદ )

અમારી વાણીમાં, નિશદિન પ્રભો ! સત્ય મૂકજો;
મતિ સારી દેજો, હિતકર પથે દાસ વહજો.
સ્વધર્મે સુપ્રીતિ, વિમુખ અપકૃત્યોથી કરજો;
સ્વીકારો પરમાત્મન !, શિશુ જનની આ નમ્ર ભિખ જો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા યાચના.

( ગઝલ )

ક્ષમા યાચું જગતની હું, હૃદયના પાપ હરવાને;
દયાના ધોધમાં ન્હાવા, ક્ષમા યાચું દયા યાચું.
કર્યો ઉપગાર ના જગમાં, અરે ! ઉપકાર પર અપકાર;
લીધો ન ન્યાયનો રસ્તો, ક્ષમા યાચું દયા યાચું.
નિરર્થક રોષ ને ઈર્ષા, સગાંઓ સ્નેહીની સાથે;
કટુ શબ્દો કીધા તેની, ક્ષમા યાચું દયા યાચું.
કીધી ના ધર્મ ઉન્નતિ, પ્રમાદે હું રહ્યો સૂતો;
ગુરુવર્ય અન્યની નિંદા, ક્ષમા યાચું દયા યાચું.
જગત ને ધર્મના સૂત્રો, ભૂલીને પાપમાં ચાલ્યો;
ગરીબો રીબાવ્યાં મેં, ક્ષમા યાચું દયા યાચું.
ક્ષમાસાગર પ્રભુ મહાવીર—તણા સૂત્રો ધરીને દિલ;
જગાવવા આત્મ જ્યોતિને, ક્ષમા યાચું દયા યાચું.

## મનુષ્ય જીવનનું રહસ્ય પ્રાપ્ત કરવા પ્રભુ પ્રાર્થના.

( કવ્વાલી )

જીવનના હેતુઓ જાણી, સદા સમભાવથી રહેવા;
ઉચિત કર્ત્તવ્ય દૃષ્ટિથી, વિશુદ્ધ માર્ગે સંચરવા. ૧
કરી નિષ્કામ કર્મોને, અધર્મો દૂર કરવાને;
ભય, શંકા, વિકારાદિ—થકી મુક્તિ[૧] સજાવાને. ૨
અચળ સંકલ્પને ધારી, ધરી સ્થિરતા અડગ બળથી;
સદા એ આત્મભાવોને, સ્મરણ કરવા પ્રતિપળથી. ૩
પ્રભુ પ્રીતિતણા રંગો—તણી ઉજ્જવળ પ્રભા ધરવા;
મલિનતા, કલાંતિ, ગ્લાનિથી, જીવનને સદ્ય ઉદ્ધરવા. ૪
અમોને અર્પજો બળ એ, વિભો ! આત્મ ખજાનાથી;
અખૂટ છે આપ સાંનિધ્યે[૨], લહો આશિષ બાળકની. ૫

સંગ્રાહક સ. ક. વિ.

---

૧ છુટકારો મેળવવા. ૨ પાસે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાકવિશ્રી ધનપાલપ્રણીત—

# ઋષભ પંચાશિકા.

## સમશ્લોકી અનુવાદ (સવિવેચન)

[ ગતાંક પૃષ્ઠ ૯ થી શરૂ ]

**જે તુજ સેવ વિમુખને, તે સમૃદ્ધિઓ મને મ હો ભંતે !**
**અધિકાર સંપદા જ્યમ, વિડંબન ફલવંતી અંતે. ૩૬**

હે ભગવન્ ! ત્હારી સેવાથી પરાઙ્મુખને જે સમૃદ્ધિઓ હોય તે સમૃદ્ધિઓ મને મ હો !–કે જે સમૃદ્ધિઓનું છેવટનું ફલ અધિકાર સંપત્તિની જેમ વિડંબના છે.

ત્હારી સેવાથી વિમુખને જે સમૃદ્ધિ હોય એવી સમૃદ્ધિ મ્હારે નથી જોઇતી; કારણ કે અંતે તો એવી સમૃદ્ધિનું ફલ અધિકાર સંપત્તિની જેમ વિડંબના જ છે. એટલા માટે મ્હારે એવી સમૃદ્ધિનું પ્રયોજન નથી. જો તે સમૃદ્ધિમાં ત્હારી અસેવા રહેતી હોય તો મ્હારી અસમૃદ્ધ દશા–દરિદ્રતા જ ભલે રહી ! કારણ કે જ્યાં ત્હારી સેવા હોય એવી દરિદ્રતાને હું મહામૂલી સમૃદ્ધિ માનું છું, અને જ્યાં ત્હારી સેવા ન હોય એવી સમૃદ્ધિને દરિદ્રતા લેખું છું. તાત્પર્ય કે અનેક પ્રકારની ઋદ્ધિ–સિદ્ધિ કરતાં ત્હારી સેવા એ મહત્તર મૂલ્યવંતી છે.

## અપૂર્વ ભુવનદીપક.

**દીપ તિમિરને ભેદી, કરે પ્રકાશન પદાર્થનું જનને;**
**પણ વિપરીત બન્યું આ, દેવ ! તું જગ એક દીપકને. ૩૭**

હે દેવ ! દીપક તો અંધકારનું ભેદન કરીને જન પ્રત્યે પદાર્થોનું પ્રકાશન કરે છે; પણ જગત્‌માં એક દીપક એવા ત્હારા સંબંધમાં આ વિપરીત બન્યું; અર્થાત્ તું (બાહ્ય) અંધકારનું ભેદન નથી કરતો છતાં પદાર્થોનું પ્રકાશન કરે છે.

સામાન્ય રીતે દીપક અંધકારનો નાશ કરીને પદાર્થ પ્રકાશે છે, પરંતુ ભગવાન્ તો કોઇ ઓર પ્રકારનો વિલક્ષણ દીવો છે, ત્રિભુવનપ્રકાશક એવો એક–અદ્વિતીય દીવો છે કે તે (બાહ્ય) અંધકારનો નાશ નથી કરતો, છતાં સમસ્ત પદાર્થનું યથાવત્ પ્રકાશન કરે છે. ભગવાન્ કેવળજ્ઞાન–દર્શનસ્વરૂપ હોઇ સમસ્ત વિશ્વને હસ્તામલકવત્ જાણે છે અને દેખે છે; તેમના નિર્મળ જ્ઞાન–આદર્શમાં સમસ્ત પદાર્થ સમૂહ પ્રતિબિંબિત થાય છે; એટલે સકલ પદાર્થનું યથાર્થ પ્રકાશન કરવામાં તે પરમ સમર્થ છે. "લોકાલોક પ્રકાશક નાણી."—સરખાવો

"निर्धूमवर्त्तिरपवर्जिततैलपूरः कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानाम् , दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥

—श्री भक्तामरस्तोत्र

—ભગવાનદાસ મનઃસુખભાઇ મહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞા ન ની કું ચી.

[ ગતાંક પૃષ્ઠ ૧૩ થી શરૂ ]

**આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.**

ઉપરોક્ત દંતકથાનું આધ્યાત્મિક રહસ્ય એ છે કેઃ–પ્રજ્ઞાદેવી અને એરેકની એ અનુક્રમે આત્માની સર્વજ્ઞતા અને મનુષ્યની મર્યાદિત બુદ્ધિ એ બે શક્તિઓ છે. સર્વજ્ઞતા પરમ દેવત્વથી સંલગ્ન છે. મર્યાદિત બુદ્ધિ–શક્તિ એ અમુક્ત માનવ આત્માનું એક પ્રકારનું બળ છે. આધ્યાત્મિક જ્ઞાન અને માનુષિક જ્ઞાન વચ્ચેનો ભેદ પ્રજ્ઞાદેવી અને એરેકનીનાં આલિખન કાર્યો ઉપરથી યથાયોગ્ય રીતે સમજી શકાય છે. એકમાં જ્ઞાનીઓનાં યથાર્થ મંતવ્ય અનુસાર સંસારની પ્રાયઃ નાસ્તિકતાપૂર્ણ માન્યતાનું નિદર્શન થઈ શકે છે. બીજામાં ભૌતિક તેમજ આધ્યાત્મિક વસ્તુઓનું સત્ય સ્વરૂપ આલિખિત થયેલું દેખાય છે. પોતાનું કાર્ય કોઇ દેવ કે દેવીની પ્રેરણા કે કૃપાથી સુંદર થયું હોય એમ માનવાની એરેકનીરૂપી મનુષ્યની સ્વતંત્ર બુદ્ધિ સાફ ના પાડે છે. એરેકનીનું જ્ઞાન સર્વજ્ઞતાનો સ્વલ્પાંશ માત્ર હોવા છતાં એ જ્ઞાનનાં અસ્તિત્વનો ઇન્કાર તો ન જ થઈ શકે. જ્ઞાનમાં સંસારની વસ્તુસ્થિતિનું સુંદર નિરૂપણ થઇ શકે છે એમ એરેકનીનાં આલિખન કાર્ય ઉપરથી નિષ્પન્ન થાય છે. એરેકની રંગરેજની પુત્રી હતી એ ઉપરથી ઇચ્છાના વિવિધરંગી સ્વરૂપનો ભાસ આવી શકે છે. ઇચ્છા–શક્તિને પરિણામે કેવી કેવી મહત્ત્વાકાંક્ષાઓ જાગે છે અને ઇચ્છા–બલથી મનુષ્ય રાજા પણ થઈ શકે છે એનો કંઈક ખ્યાલ પણ આવી શકે છે.

એરેકનીને શિક્ષા થઇ તેમાં અપૂર્ણ વિચારનાં વાસ્તવિક સ્વરૂપનું નિદર્શન થાય છે. ઉત્સાહી પ્રશંસકો મર્યાદિત વિચારને જે વધુ પડતું ગૌરવ આપી દે છે તે ગૌરવનો વિચ્છેદ થતાં મનુષ્ય સામાન્ય બની જાય છે એવો સહજ પ્રત્યય થાય છે. મર્યાદિત વિચારશક્તિ એટલે સામાન્ય બુદ્ધિ કે સામાન્ય સમજશક્તિ. અસંસ્કારી જનતામાં બુદ્ધિ સામાન્ય પ્રકારની જ હોય છે. સામાન્ય બુદ્ધિનાં સ્વરૂપ અને કાર્યનું નિરૂપણ કરતાં પ્રો. ડૉસન 'Elements of Metaphysics' (અધ્યાત્મ શાસ્ત્રનાં મૂળતત્ત્વો)માં જણાવે છે કેઃ–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"પ્રત્યેક નિવેદનમાં નિવેદક અને નિવેદ્ય વસ્તુ એમ બે પરિપૂરકો અવશ્ય હોય છે. નિવેદક કે નિવેદ્ય વસ્તુ વિના નિવેદન સંભવી શકે જ નહિ. નિવેદ્ય વસ્તુ વિના નિવેદક ન હોઇ શકે. નિવેદક વિના નિવેદ્ય વસ્તુ ન હોય. પરંપરા કે તાત્કાલિક દ્રષ્ટિથી વિચારતાં વિષય( નિવેદક )ની વસ્તુઓ અને વસ્તુઓના વિષયનો સંબંધ ઘનિષ્ટ જણાય છે. મનોભાવની પરંપરા સુવિદિત છે. બાહ્ય વિશ્વ અને શરીર એ મધ્યસ્થ છે. ઇંદ્રિયોના વિવિધ ભાવોને પરિણામે વિશ્વ આદિની સંલગ્નતા પ્રાપ્ત થાય છે. આ રીતે ઇંદ્રિયોના ભાવોથી બાહ્ય વિશ્વનું ઘણુંયે જ્ઞાન લબ્ધ થાય છે. ઇંદ્રિયોના ભાવોનું બુદ્ધિ પ્રત્યે ( બહારથી ) અભિગમન થાય છે. એ ભાવો સિવાય અન્ય સર્વનો ઉદ્ભવ બુદ્ધિમાંથી જ પરિણમે છે. દ્રશ્યમાન જગતમાં આત્માથી સ્વતંત્ર વિષયાશ્રિત વસ્તુઓ મર્યાદિત સ્વરૂપવાળી છે. બુદ્ધિથી સ્વતંત્ર વસ્તુઓ કઇ કઇ છે તે શોધવાનું કાર્ય અધ્યાત્મ શાસ્ત્રનું છે."

એરેકની એ મનુષ્યની મર્યાદિત બુદ્ધિ અને પેલાસએથીની એ સર્વજ્ઞતાનું સ્વરૂપ છે એ આપણે યથાશકય જોયું. હવે આપણે આત્માનું અધઃપતન અને તેનાં સંભાવ્ય કારણોનો યોગ્ય વિચાર કરીએ. પ્રબોધન શક્તિ અર્થાત્ સ્વયં પ્રબોધન શક્તિ જેની અસર અસ્તિત્વની વિવિધ દશાઓ ઉપર પરિણમે છે તેનાં અસ્તિત્વનું પ્રતિપાદન કર્યાથી આપણી ભૂમિકા સાફ થઇ શકે છે. આથી પ્રબોધન શક્તિનું પ્રતિપાદન આત્માનાં અધઃપતન વિષયક વિવેચનમાં સૌથી પ્રથમ આવશ્યક થઇ પડે છે.

વિચાર એ એક મહાન્ શકિત છે. વિચારની મહાશકિત સવત્ર સુવિદિત છે. વિચારથી માનસિક મંતવ્યો વિગેરેને મૂર્ત્ત સ્વરૂપ મળે છે. વિચારને પરિણામે વિશ્વમાં અનેક ઘટનાઓ બને છે. વિચારનાં પ્રાબલ્યથી વિવિધ ઘટનાઓ કેમ બને છે અને જે તે મંતવ્ય મૂર્ત્ત સ્વરૂપ કેમ લે છે એ સંબંધી કશાએ પ્રમાણની વાસ્તવિક જરૂર નથી. આમ છતાં એ સંબંધી ખાસ જ્ઞાન પ્રાપ્ત કરવાની જેમને ઇચ્છા હોય તેઓ ડૉ. જે. એચ. હડસન વિગેરે સમર્થ વિદ્વાનોના પુસ્તકોના અભ્યાસથી વિચારશકિત અને તેનાં મૂર્ત્તિમંત કાર્ય સંબંધી આવશ્યક જ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરી શકે છે. વિચારશક્તિના પ્રબળ જિજ્ઞાસુઓએ ડૉ. હડસન વિગેરેનાં પુસ્તકો અવશ્ય વાંચવાં ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનસિક ઉત્તેજનાથી વિશ્વમાં પ્રતિક્ષણે અનેક કાર્યો થયા કરે છે. જે તે વિચાર કોઈ ને કોઈ કાર્યરૂપે પરિણમે છે એ નિઃશંક છે. સૃષ્ટિમાં એવું કોઈ કાર્ય નથી જેની નિષ્પત્તિ વિચાર વિના થઈ હોય. નાની મોટી સર્વ શોધો એ પણ વિચારોનાં જ પરિણામરૂપ છે.

વિચારો એ અધિષ્ઠાયક શક્તિ છે. વિચારોરૂપ અધિષ્ઠાન–ચિત્તની સત્તા શરીર ઉપર ચાલે છે. અધિષ્ઠાન–ચિત્તનો નિર્બંધ ઇંદ્રિય–ભાવો ઉપર ચાલે છે. શરીરનાં અનેક કાર્યો અધિષ્ઠાન–ચિત્તથી જ થાય છે અને સંભવે છે.

એ અધિષ્ઠાન–ચિત્ત ઉપર પ્રબોધન–શક્તિનું યોગ્ય નિયંત્રણ રહેલું છે. પ્રબોધન–શકિતને લીધે કોઇ પણ મંતવ્ય કે ઉત્તેજનાનો કોઇ ને કોઈ રીતે ચિત્તમાં પ્રવેશ થાય છે. પ્રબોધન શક્તિનું જ્ઞાન પૌર્વાત્યોને પુરાતન કાળથી છે. પ્રબોધનની મહાન્ શકિતનો પાશ્ચાત્યોએ પણ કેટલાંક વર્ષો થયાં સ્વીકાર કર્યો છે એ પ્રબોધન શક્તિનાં મહત્ત્વનાં સૂચક ચિહ્નરૂપ છે. પ્રબોધન શક્તિના સંબંધમાં કેટલાક વિદ્વાનોએ અનેક અન્વેષણો કરી એ શકિતના સંબંધમાં આધુનિક જનતાને પ્રમાણપુરઃસર પરિચય પણ કરાવ્યો છે, એ અત્યંત હર્ષાસ્પદ છે.

આંતર પ્રબોધન અને બાહ્ય પ્રબોધન એમ પ્રબોધનના બે પ્રકાર છે. આંતર પ્રબોધન એટલે સ્વયં પ્રબોધન. બાહ્ય પ્રબોધન એટલે બીજા કોઇનું પ્રબોધન. હીપ્નોટીસ્ટનું પ્રબોધન કાર્ય એ બાહ્ય પ્રબોધનના દ્રષ્ટાન્તરૂપ છે. સ્વકાય પ્રબોધન–મનુષ્યથી પોતાને પ્રબોધન એ આંતર પ્રબોધન છે. પ્રબોધનનાં સત્યાસત્યના સંબંધમાં અધિષ્ઠાન–ચિત્તથી કશીયે તપાસ થતી નથી. અધિષ્ઠાન-ચિત્ત તો પ્રબોધનની આજ્ઞા સર્વથા શિરોમાન્ય ગણે છે. આથી અધિષ્ઠાન–ચિત્તનું વલણ અયુક્ત હોય એમ પણ ઘણીયે વાર સંભવે છે. દા. ત. હીપ્નોસ્ટીસ્ટ કોઇ મનુષ્યને તે શ્વાન છે એવો અસત્ય નિર્દેશ કરે તો એ ભ્રમયુક્ત નિર્દેશને પરિણામે, હીપ્નોટીસ્ટનો આશ્રિત મનુષ્ય શ્વાનને અનુરૂપ કાર્યો કરવા માંડે છે. આ જ પ્રમાણે હીપ્નોટીસ્ટનો આશ્રિત મનુષ્ય હીપ્નોટીસ્ટના નિર્દેશથી વક્તા, તત્ત્વજ્ઞાની, દેવ, રાક્ષસ આદિને અનુરૂપ આચરણ પણ કરે છે. હીપ્નોટીસ્ટ આમ ઘણી રીતે નાટ્ય કે નાટ્ય જેવું કાર્ય જે મનુષ્ય ઉપર તેની શક્તિ ચાલી શકે છે તેની આગળ કરાવે છે. આવાં નાટ્યકાર્યોમાં જે કાર્ય સામાન્ય સ્થિતિમાં પોતાને રોચક ન હોય તે કાર્ય કરવાનો આદેશ થતાં હીપ્નોટીઝમની અસરવાળો મનુષ્ય કેટલીક વાર વિરોધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉઠાવે છે. એ વિરોધ પ્રાયઃ નિરર્થક નીવડે છે અને હીપ્નોટીઝનની કાર્ય–શક્તિ જ પ્રાયઃ પરિણામકારી નીવડે છે. હીપ્નોસ્ટીસ્ટના આદેશોનો હીપ્નોટીઝમની અસરવાળા મનુષ્યને પ્રાયઃ અમલ કરવો જ પડે છે. હીપ્નોટીસ્ટનો નિર્દેશ સત્ય અને દોષ રહિત હોય તો તે એ નિર્દેશ અત્યંત સફલ નીવડે છે એ નિઃશંક છે. વિચારો, પ્રબોધન–શક્તિ આદિના સંબંધમાં ઉપરોક્ત વિવેચન ઉપરથી નિમ્ન બે સિદ્ધાન્તો સ્થાપિત થઇ શકે છેઃ—

(૧) મનુષ્ય પોતાના વિચારને અનુરૂપ બને છે. મનુષ્યના જેવા વિચારો હોય છે તેવો જ તે બને છે.

(૨) મંતવ્ય કે શ્રદ્ધા એ નિર્દિષ્ટ (સૂચિત) કરેલી સ્થિતિના મૂર્તિમંત સ્વરૂપ માટે પ્રધાનમાં પ્રધાન કારણ છે.

દરેક માનસિક પ્રવૃત્તિ( કાર્ય )માં પ્રાયઃ પ્રબળ શક્તિ હોય છે. માનસિક કાર્યોને અનુરૂપ જે તે પરિણામો આવે છે. માનસિક પ્રવૃત્તિ ઉપર કોઇ ઉચ્ચ શક્તિનો નિર્બંધ હોય તો જ માનસિક પ્રવૃત્તિ પરિણામની દૃષ્ટિએ અફલ નીવડે છે. અર્થાત્ માનસિક પ્રવૃત્તિને અનુરૂપ પરિણામની નિષ્પત્તિ નથી થતી. વિચારો શરીર અને ચારિત્રનાં ઘડતરમાં પણ પ્રધાન કાર્ય કરે છે. સદ્‌ગુણી વિચારોથી આરોગ્ય અને સૌંદર્ય વધે છે. મલિન વિચારોથી અનારોગ્ય અને કુરૂપતા પ્રાપ્ત થાય છે. આથી જ મીસીસ એની બીસેન્ટે કહ્યું છે કેઃ–

"વિચારોની છાપ મુખ વિગેરે ઉપર નથી પડતી એમ કહેવું તે અયુક્ત છે. વિચારોની છાપ શરીરના ભાગો ઉપર અવશ્ય પડે છે. શરીરનું ઘડતર વિચારોનાં બળથી જ થાય છે."

વિચારોની મહાન્ શક્તિનો ખાસ અભ્યાસ કરીને કેટલાક પાશ્ચાત્ય પંડિતોએ એ શક્તિના સંબંધમાં અનેક રીતે નિરૂપણ કર્યું છે. વિચારોની મહાન્ શકિત વિષયક જ્ઞાનનો અનેરો લાભ આથી જનતાને મલ્યો છે. પ્રો. વીલીયમ જેઇસે વિચારશકિતના મહત્ત્વના સંબંધમાં પોતાના એક પુસ્તકમાં ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કેઃ–

"વિચારોને પરિણામે રક્તમાં ફેરફાર થાય છે. હૃદયના ધબકારાઓમાં પણ પરિવર્ત્તન થાય છે. વિચારોનો નિર્બંધ શરીરના સૂક્ષ્મ ભાગો ઉપર પણ ચાલે છે. માનસિક પરિવર્તનને અનુરૂપ દરેક શારીરિક કાર્ય થાય છે એમ પણ જરૂર કહી શકાય. કોઇ શારીરિક કાર્ય એવું નથી જે તેના કારણભૂત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુમુક્ષુ આત્માઓએ જાણવા જેવું !

ગૃહસ્થાવસ્થામાં ઉપાર્જ્યા પાપ મુનિ અવસ્થામાં દૂર થાય, પરંતુ મુનિ અવસ્થામાં ઉપાર્જ્યાં પાપ કયાંથી અને કયા સાધને દૂર થાય ? જેથી મુનિ લિંગ ધારણ કરી તેમાં દોષ લગાડવો યોગ્ય નથી.

અવિરત–વિરત સમ્યક્ માર્ગમાં સ્થિત એક ઉજ્જવલ વૃત્તિમાન ગૃહસ્થ મોહમૂઢ મુનિ કરતાં નિર્મોહ પરિણામી છે, પણ એ નિર્મોહી ગૃહસ્થ કરતા અનગાર વેષને ધારણ કરી રહેલો મોહી મુનિ કોઇ રીતે કલ્યાણનું કારણ નથી.

શરીર અને શરીરનું મૂલ કારણ કર્મ એ બંનેથી તે જીવ આત્મ-પરિણામથી જુદો થઈ નિજ જ્ઞાનાદિ સમ્યગ્ ભાવોમાં રમે છે, તે જ તત્ત્વજ્ઞાની છે; અને એ બંનેમાં તદાકાર ભાવે પરિણમી રહેલો જીવ અજ્ઞાની છે.

---

વિચારને અનુરૂપ ન હોય. શારીરિક કાર્યો માનસિક પરિવર્તનને અનુરૂપ જ હોય છે.”

આત્મા જે વસ્તુતઃ વિશુદ્ધ જ્ઞાનરૂપ છે તેના ઉપર પ્રબોધન–શક્તિનો પ્રભાવ ઓર પડે છે. એક વિચારમાત્રથી આત્મામાં અનેરો ઉત્સાહ આવે છે. એક જ વિચારથી આત્મામાં સંપૂર્ણ નિરાશાની છાયા પ્રસરી ઉઠે છે.

વિચારની શક્તિના સંબંધમાં મનુષ્યને જેટલી શ્રદ્ધા હોય તેટલી જ તેની કાર્યપરિણતિ થાય. વિચારની કાર્યશકિતમાં દઢ શ્રદ્ધા હોય તો તેનું પરિણામ પણ સત્વર આવે છે. મનુષ્ય જેવી શ્રદ્ધા રાખે તેવો તે બને છે. આથી જ વિવિધ ધર્મોના સ્થાપકોએ શ્રદ્ધાને અત્યંત મહત્ત્વ આપ્યું છે. તેમનો ઉપદેશ પણ શ્રદ્ધાને અનેરું મહત્ત્વ આપતો હતો. શ્રદ્ધા વિના ગમે તેટલા વિચારો થયા કરે પણ તે પ્રાયઃ ફલદાયી નથી થતા. શ્રદ્ધા યુક્ત વિચારો જ પરિણામકારી નીવડે છે. શ્રદ્ધાથી વિચારો સ્થિર બને છે. વિચારો સ્થિર થયાથી તેમાંથી કંઇપણ પરિણામ અવશ્ય નિષ્પન્ન થાય છે. શ્રદ્ધાન્વિત વિચારો વિના કાર્યરૂપી પરિણામની નિષ્પત્તિ નથી થતી. શ્રદ્ધા યુક્ત વિચારો કાર્યરૂપ મૂર્ત્ત સ્વરૂપ લઇ શકે છે.

—ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકષાયીપણે જે જે તપાદિ પ્રવૃતિ કરવામાં આવે તે તો માત્ર સંસાર છે તથા ભાવી સંસારનું કારણ છે.

તત્ત્વદૃષ્ટિએ વિચારતાં સંસારી જીવો માત્ર દુઃખી છે. તેઓમાં માત્ર સમ્યગ્દૃષ્ટિ મુનિજનો જ-( ઉત્તમ પુરૂષો જ ) સુખી છે.

અવિવેકી જીવોને રાગના વશે આ સમસ્ત જગત ભોગ્યરૂપ ભાસે છે ત્યારે વિવેકવાન સુદૃષ્ટિમાન જીવોને સમ્યગ્ જ્ઞાનયોગે કેવળ ત્યાગરૂપ-ઉપેક્ષારૂપ ભાસે છે.

જે વિરક્ત પરિણામી જીવને સ્વફળ ઉપજાવ્યા સિવાય પુણ્ય અને પાપ સ્વયં નિર્જરે છે-નિઃસત્ત્વ બને છે, તે જ ખરેખર યોગી છે, તે જ નિરાશ્રવ છે, તે જ મહદ્ભાગી પુરૂષ નિર્વાણદશાને ક્રમે કરીને પ્રાપ્ત થાય છે.

જ્યાંસુધી મિથ્યાત્વ અને તજ્જનિત અજ્ઞાન જીવને વેગે ચડાવી રહ્યું છે ત્યાં સુધી જીવની દૃષ્ટિ માત્ર પરદોષગ્રહણાદિ તરફ નિરંતર રમ્યા કરે; પણ એ અવિવેક છે.

સમ્યગ્જ્ઞાન-વિવેકદશાની પ્રાપ્તિ અને વૃદ્ધિ થતાં પૂર્વે અજ્ઞાનદશામાં જે જે આચરણ કર્યા છે તે તે સર્વ યોગી પુરૂષને અજ્ઞાન ચેષ્ટારૂપ ભાસે છે.

અજ્ઞાનજન્ય પરવસ્તુ પ્રત્યેની ઈષ્ટાનિષ્ટ ભાવના જે પુરૂષમાં ઉત્પન્ન થતી નથી તેને હરકોઇ ઈષ્ટાનિષ્ટ પ્રસંગો સુખરૂપ પ્રતિભાસે છે.

જીવનો અનાદિ સ્વભાવ અભિમાન કરવાનો છે. તે સીધી કે આડકતરી રીતે શુભ કૃત્યોમાં પણ થઇ જાય છે અને તેનું કારણ વાસ્તવિક તત્ત્વ-ગવેષણા નહિ એ જ છે.

જ્યાંસુધી આત્મા નિર્મળ થયો નથી, પારકી ખટપટ મૂકી નથી, રાગ દ્વેષથી ન્યારો થયો નથી, નિંદા, વેર, ઝેર, ઇર્ષા, મદ, મોહ, માયા ( કપટ ), મત્સર, કુસંપ, કલેશ, વિશ્વાસઘાત અને કૃતઘ્નપણું આદિ દુર્ગુણોને દેશવટો દીધો નથી ત્યાં સુધી ગમે તેટલી ક્રિયા કરવામાં આવે, ગમે તેટલો આચાર પાળે, ગમે તેટલો તપ તપે, ગમે તેવા વ્રતનિયમ પચ્ચખ્ખાણ કરે કે ગમે તેવા અંતપ્રાંત લુખા અને તુચ્છ આહાર કરે પણ એ બધું છાર ઉપર લીંપણું છે.

સમ્યક્ પ્રકારે આત્મતત્ત્વના જ્ઞાન વિના પ્રાણુને ઉગ્ર તપથી પણ મોક્ષ-સુખની પ્રાપ્તિ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવાદિ તત્ત્વોને વિશે રૂચિ .પણ ભવ્યત્વ સમીપે રહ્યું હોય તો જ ઉદયમાં આવે છે. રૂચિનું કારણ તથાપ્રકારના ક્ષયોપશમ વિગેરે જ છે.

સર્વને વિષે ઉચિતતા કરવી, ગુણને વિષે પ્રીતિ કરવી, જિનેશ્વરના વચનને વિષે શ્રદ્ધા કરવી, ગુણ રહિતને વિશે મધ્યસ્થ ભાવ રાખવો, ઉદારતા, દાક્ષિણ્યતા, પાપની જુગુપ્સા, નિર્મળ બોધ અને પ્રાયે લોકપ્રિયપણું આ સર્વે સમ્યગ્દૃષ્ટિના ચિન્હો છે.

બાલ ( અજ્ઞાની મૂઢ ) માત્ર લિંગ–વેષ જ જુએ છે, મધ્યમ બુદ્ધિવાળા માણસ વૃત–આચરણને વિચારે છે અને બુદ્ધિમાન સર્વ યત્નવડે આગમ-તત્ત્વની જ પરીક્ષા કરે છે.

જે ધર્મમાં વિષયો પર વૈરાગ્ય હોય, કષાયનો ત્યાગ હોય, ગુણોને વિષે અનુરાગ હોય અને ક્રિયાને વિષે અપ્રમાદ હોય તે જ ધર્મ મોક્ષસુખનો ઉપાય છે.

વિષયોની અનિવૃત્તિ, તત્ત્વમાર્ગનું અજ્ઞાન અને ઉત્કટ કષાયો આ સર્વે સંસારના દુઃખરૂપી વૃક્ષનું બીજ છે.

પાંચે ઇંદ્રિયોનો જય, પાંચ આશ્રવોનો સર્વથા સંવર અને સમ્યક્ તત્ત્વનું જ્ઞાન આ સર્વે મોક્ષસુખના બીજ છે.

સમકિત વિનાનું ચારિત્ર વારંવાર આવે છે, પરંતુ સમ્યક્ત્વ એ વારંવાર આવતું નથી, સમ્યક્ત્વ એ બહુ મુશ્કેલ વસ્તુ છે અને તેથી જ શાસ્ત્રકારોએ તેને ચારિત્રથી પણ વધારે દુર્લભ વસ્તુ ગણી છે.

મુમુક્ષુ મુનિ

સર્વ ગુણોમાં નમ્રતા, નિરભિમાનતા એ મુખ્ય ગુણ છે એ ન ભૂલશો. જેનો રસ–કસ સૂકાઇ ગયો છે એવાં સૂકાં ઝાડ હંમેશાં અક્કડ બનીને ઊભાં રહે છે, પણ જેમનામાં રસ છે, જે પ્રાણીમાત્રને મીઠાં–પાકાં ફળ આપે છે તે તો નીચા નમીને જ પોતાની ઉત્તમતા પૂરવાર કરે છે. નમ્રતાથી શરમાવાનું નથી. કોઇ ગાળ દે, અપમાન કરે તો પણ આપણે ફળથી ઝૂકેલાં આમ્રતરુની જેમ સર્વદા નમ્રીભૂત બનીને લોકોપકાર કરવો.

—શ્રી વિજયાનંદસૂરિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જલબિન્દુઓ.

જગતના પ્રત્યેક સમજદાર મનુષ્યો સૌરભને–સુગંધને ચાહે છે. સુગંધ કોને પ્રિય ન હોય ? દેવને પ્રસન્ન કરવા મંત્રવાદી મનુષ્યો ઉત્તમ પ્રકારના ધૂપો અને અત્તરોનો ઉપયોગ કરે છે. દેવમંદિરમાં પણ વાતાવરણ સુંદર કરવા ઉત્તમ દ્રવ્યના ધૂપો આપણે કરીએ છીએ. પ્રભુપૂજામાં પણ સુગંધી અને શીતલ એવા બાવના ચંદનની વાત આવે છે. આ સર્વે એ જ સૂચવે છે કે સુગંધને સર્વ ચાહે છે. દુર્ગંધને આવતી અટકાવવા નાસિકા આડે લોકો વસ્ત્ર ધરે છે.

મહામૂલું માનવ જીવન પણ સૌરભયુક્ત હોવું જોઇએ, દેવોને પણ તે જીવનની ઈર્ષા થવી જોઇએ; પરંતુ તેને બદલે નાનકડા જીવનમાં રાગ–દ્વેષ-મોહ–વિષય–કષાય–પ્રમાદ–ખેદ–નિન્દા–હર્ષ વગેરેના ઉછળતા લોઢમાં આપણે લેવાઇએ છીએ. જાણે માનવ દેહનું મૂલ્ય જ ન હોય તેવી સ્થિતિ પ્રવર્તે છે.

× × ×

ચંદનને કાપવામાં આવે તો પણ તે કુહાડાના મુખને સુગંધયુક્ત કરે છેઃ–

छेदेऽपि चंदनतरुः सुरभयति मुखं कुठारस्य ॥

વળી તેને ઘસવામાં આવે તો પણ તે શીતલતા અર્પે છે. બાળવામાં આવે તો તે સુવાસ ફેલાવે છે. ગમે તે સ્થિતિમાં ગુણ પ્રગટ કરવાનો જ ચંદનનો ધર્મ છે. ચંદનની જેમ સત્પુરૂષોને પણ જેમ જેમ વિપત્તિ પડે તેમ તેમ તે ગુણ જ પ્રગટાવે છે. ચન્દન વૃક્ષની આસપાસ સર્પો વીંટળાઇ વળ્યા હોય છતાં તેના ઝેરની અસર તેને થતી નથી, તેમ સજ્જનની આજુબાજુ દુર્જન હોય તો પણ સજજન તે તો ત્રણે કાળમાં સજ્જન જ રહે છે.

× × ×

શાન્તિની વાતો કરનારા ખરા સમયે ભાગ્યે જ શાંતિ જાળવી શકે છે. બડી બડી વાતો કરનારા પણ સમય આવ્યે–ખરે વખતે મોળા નીવડે છે. પણ જેણે જીવન અને કવનને એક તારથી સાંધી લીધેલ હોય તે ગમે તે સમયમાં પણ વિકૃતિને પામતા નથી–પરમ શાંતિને રાખી શકે છે–દુઃખમાં પણ હસે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લગભગ બે વર્ષ પૂર્વેની આ બની ગયેલી સત્ય હકીકત છે. વર્ધામાં શેઠ જમનાલાલજીની મગનવાડીમાં મહાત્મા ગાંધીજી અને તેમના સાથીઓ તેમ જ મહાસભાની કાર્યવાહક સમિતિના સભ્યો બેઠા હતા. તેમની સન્મુખ એક મદારી કેટલાક સર્પોને લાવી, સર્પોના પ્રકાર અને ઝેર ચડવા વિષે કેટલુંક સમજાવી રહ્યો હતો તે વખતે લાગ જોઇને એક મોટો ઝેરી સર્પ ઉક્ત મદારીના હાથમાંથી છટકીને મહાત્માજી તરફ ચાલ્યો. ત્યાં બેઠેલા બધા ખૂબ જ ચોંકી ઉઠયા, પરંતુ ગાંધીજી તો પોતાની સ્વસ્થતા બરાબર જાળવીને સ્મિત વદને જોઇ રહ્યા. દરમ્યાનમાં સર્પે તો આગે કૂચ કરી અને મહાત્માજીના શરીર પર ચડી તેમના ગળે વીંટાઇ ગયો. સૌ હેબતાઈ ગયા અને સર્પને ખેંચી લેવા માટે મદારીને સૌએ અનુરોધ કર્યો.

આટલું બનવા છતાં એ અજબ ડોસાના મુખ ઉપર અસ્વસ્થતાનું નામનિશાન પણ ન મળે ! કલ્પના કરો કે ભયંકર ઝેરી સર્પ શરીર ઉપર ચડી ગળે વીંટળાઇ વળે છતાં જેનું રોમ માત્ર ન ફરકે એ કેવી અગાધ શાન્તિ ? આ બિનાને શ્રીમહાદેવભાઇએ હરિજન બન્ધુમાં આ શબ્દોમાં વર્ણવી હતી—

" બાપુના સહવાસમાં વર્ષો થયાં રહેનારાં અમે સૌ આ બનાવથી ગભરાઈ ગયા, પણ બાપુજી તો તદ્દન શાંત જ હતા. ગળે સર્પ વીંટાળેલા જાણે શિવજી ન હોય ? તેવા જણાતા હતા. "

× × ×

બહુ નજીકમાં રહેલ વસ્તુની કિંમત પ્રાયઃ મનુષ્યને નથી હોતી. જે કોઇ મહાપુરૂષનો ઇતિહાસ જોઇશું તો જણાશે કે તેમના સમયના લોકોએ તેમને પૂજ્યા–પીછાણ્યા નથી; પરંતુ તેની અવગણના કરી છે. શ્રીમાન આનંદઘનજી મહારાજ મહાઅધ્યાત્મી અને સાચા યોગી હતા. પરંતુ ત્યારનો ઇતિહાસ જોઇએ તો જણાય છે કે–તત્કાલીન પ્રજાએ તેમને ખૂબ ત્રાસ આપ્યો હતો. પરિણામે તેમણે વનવાસ સ્વીકાર્યો હતો. આજે આપણે શ્રી આનંદઘનજીને એક મહાન સંત તરીકે પૂજીએ છીએ.

× × ×

અતિપરિચયથી ઉત્તમ વસ્તુની પણ અવજ્ઞા થાય છે. **अतिपरिचयात् अवज्ञा** એ સૂત્રમાં સત્ય ભર્યું છે. બહારથી આવેલા યાત્રિકોને ગંગા–યમૂના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નદીની ખૂબ કિંમત હોય છે; પણ સ્થાનિક વસનારને મન તેનું કંઇ પણ મૂલ્ય હોતું નથી.

જે ચંદન ઉત્તમ અને કિંમતી ગણાય છે તે જ ચંદનના કાષ્ઠને મલયાચળ પર્વત( ચંદનનું ઉત્પત્તિસ્થાન )ની ભીલડીઓ ઈંધણા તરીકે વાપરે છે-રસોઇ પકવવામાં તેનો ઉપયોગ કરે છે !

× × ×

લોકોને નવું નવું પસંદ હોય છે તેથી કહેવાયું છે કે—

**नवं नवं प्रीतिकरं नराणाम् ॥**

મનુષ્યોને નવું નવું પ્રીતિ કરનાર હોય છે. વળી—

**नवनवगुणरागी प्रायः सर्वलोकः ॥**

પ્રાયઃ સર્વ મનુષ્યો નવી નવી વસ્તુના ગુણરાગી હોય છે.

આમ છતાં કેટલુંક જૂનું પણ સારૂં હોય છે.

Old is Gold. જૂનું તે સોનું.

સુભાષિતકારોએ પણ આટલી વસ્તુઓ નવી બતાવવા ઉપરાંત બે જૂની વસ્તુઓ પ્રશંસનીય કહી છે—

**नव्यं छत्रं नव्यं वस्त्रं नव्या स्त्री नूतनं गृहम् ।**
**सर्वत्र नूतनं शस्यं सेवकान्ने पुरातने ॥**

અર્થાત્-છત્ર, વસ્ત્ર, સ્ત્રી, ઘર એ સર્વ નવા સારાં લાગે છે; પરંતુ અન્ન તો જૂના જ સારા—જૂનું અન્ન જલ્દી પાચન થાય છે અને જૂનો નોકર વિશ્વાસપાત્ર હોઈ તેના પર ઘરનો ભાર મૂકી શકાય છે.

× × ×

આવશ્યકતા મનુષ્યના જીવનમાં બહુ જ પરિવર્તન કરાવનાર છે. આવશ્યકતા-જરૂરીયાત ઊભી થઇ ન હોય ત્યાં સુધી એદી-આળસુ જણાતો માણસ પણ આવશ્યકતા ઉત્પન્ન થવાથી, જરૂરીયાત પૂરી પાડવાનો બોજો પોતા પર પડવાથી તેની શક્તિઓ ત્યારે આપોઆપ ખીલી ઉઠે છે, તેનું આબાદ દૃષ્ટાંત કપીલ દ્વિજ પૂરૂં પાડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપીલના પિતા રાજ્યમાન્ય પંડિત હતા, પરંતુ તે કેવળ મૂર્ખ–નિરક્ષર જ રહેલો. પિતાના મૃત્યુ પછી તેણે જ્યારે માતાના ખેદનું કારણ પોતાની અજ્ઞાનતા જાણી ત્યારે ભણુવા માટે કમ્મર કસી તૈયાર થયો અને પિતાના મિત્ર એક પંડિત જ્યાં વસતા હતા ત્યાં જઇ તેની પાસે અધ્યયન શરૂ કર્યું. ત્યાં પણ ઉદરપૂર્તિ અર્થે भिक्षां देहि કરવા જવું પડતું. આથી ભણવામાં સમય અલ્પ રહેતો. તે જોઇ કોઇ ઉપકારપરાયણ ગૃહસ્થે તેમના માટે જમવાનો પ્રબંધ કરી દીધો. ત્યાં પણ ભાગ્યસંયોગે તે બાઈ સાથે વિષયમાં લપટાણા. થોડા રોજ તો એમ જ ચાલ્યા કર્યું, પરંતુ આખરે ત્યાં પણ અર્થની જરૂરીયાત ઊભી થઈ તે વિના ગૃહસંસાર કેમ કરીને ચાલે ? એ આવશ્યકતાએ કપીલને રાજા પાસે જવા પ્રેર્યો. પરિણામે ભોળપણના કારણથી ચંદ્રોદયને સૂર્યોદય માની, તેણે મુઠીઓ વાળીને દોડવા માંડયું. આથી શક ઉપરથી પહેરગીરોએ તેને પકડીને રાજા સન્મુખ ઊભો કર્યો, પરંતુ તેના ઢંગ જોઇને રાજાને પણ દયા આવી અને ઇચ્છિત માગવા કહ્યું. તે પછીનો ઇતિહાસ તૃષ્ણાની છેલ્લી સ્થિતિનો અને તેમાંથી ઓસરી સંતોષામૃતના પાનનો અને છેવટે વીરાગતામાંથી કૈવલ્યપ્રાપ્તિ થવાનો છે. પરંતુ અત્રે એ જ જોવાનું છે કે તેમનો જીવનરાહ કોણે બદલાવ્યો ? આવશ્યકતાએ-જરૂરીયા જ.

× × ×

એકની એક ક્રિયા કરવા છતાં તેમાં બહુ જ તફાવત હોય છે. બીલાડી જે દાંતવતી ઉંદરને ઉઠાવે છે તે જ દાંતવતી તે પોતાના બચ્ચાને પણ ઉપાડે છે. કહો ભલા બંને એક જ પ્રકારની ક્રિયા હોવા છતાં કેટલો મહાન્ તફાવત છે ? કેવળ માનસિક ભાવનાની ભિન્નતાનું જ કારણ છે ને ?

પુરૂષ સ્ત્રીને આલિંગન કરે છે અને તે જ રીતે પુત્રીને પણ આલિંગન કરે છે, છતાં તેમાં કેટલો બધો તફાવત છે. ખરે જ માનસિક ભાવનાનાં વ્હેણ ઉપર જ સર્વનો આધાર છે.

× × ×

એક જ વસ્તુ ભિન્ન પ્રકૃતિના મનુષ્યોને કેવી જુદી જુદી જણાય છે ? આ રહ્યું દૃષ્ટાંત.

રાત્રિ નિશાચરોને ચોરી કરવામાં સહાયક થાય છે, ભોગીજનોને વિષયાનંદના કારણભૂત થાય છે, યોગીજનોને તે જ રાત્રિ યોગાનંદના કારણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂત બને છે, વિરહીજનોને નિશા અને નિશાપતિ–ચન્દ્ર, વિરહ તાપને વધારનારા અને એ રીતે દુઃખ દેનારા જણાય છે. નિર્દોષ બાળકો અને પશુ–પંખીઓને નિદ્રારૂપ શાન્તિને અર્થે તે જ રાત્રિ થાય છે; જ્યારે ચિંતાતુર મનુષ્યને ચિંતામગ્ન કરાવનાર અને તેથી નિદ્રાવિરહ કરાવનાર બને છે.

× × ×

પ્રેમનું બંધન એટલું મહાન્ હોય છે કે તેને તોડવાની તાકાત ભાગ્યે જ કોઈમાં હોય છે. એ અનુભવીઓ જાણતા હોય છે.

વાંસને ડંખ દઈ ફોલી નાખનાર ભ્રમર જ્યારે સંધ્યાકાળે કમળમાં પુરાઈ જાય છે ત્યારે તેમાંથી નીકળવું તેને મુશ્કેલ હોય છે. કારણ શું ? શું તેની શક્તિ નથી ? ના. તે તો અબાધિત જ છે, પરંતુ કમળ ઉપરનો પ્રેમ તેને તેમ કરવા ના કહે છે.

પ્રેમના બંધનમાં મહાશક્તિ રહેલી છે. મહાબળવાનને પણ પ્રેમના કાચા તાંતણાં બાંધી શકે છે.

આર્દ્રકુમાર એક નાના બાળકની કાલી–ઘેલી ભાષાથી અને તે જ કુમારના હાથે કાચા સુતરના તાંતણાથી બંધાયા હતા. એ બંધન નિર્મળ પ્રેમનું હતું, મધુર સ્નેહનું હતું અને તેથી જ તો એ મહાત્મા, સુતરના તાંતણા જેટલા વર્ષો–બાર વર્ષો પર્યંત ફરીથી ઘરવાસે રહ્યા હતા.

ફરી વખત દીક્ષા ગ્રહણ કર્યા પછી ઉચ્છ્રંખલ હસ્તીને પોતે પ્રેમાળ શબ્દથી વશ કરે છે ત્યારે શ્રેણિકરાજ આશ્ચર્ય બતાવે છે. જવાબમાં શ્રી આર્દ્રકુમાર મુનિ કહે છે કે–હે રાજન ! હસ્તિમોક્ષમાં કંઈએ આશ્ચર્ય નથી, પરંતુ પ્રેમના કાચા સુતરના તારમાંથી મુક્ત થવું ખરેખર મહાદુષ્કર છે. બસ, પ્રેમના બંધનનો આથી વધુ પુરાવો શું જોઈએ ? જે આર્દ્રકુમાર માતા–પિતા અને સમસ્ત દેશને છોડી શકયા હતા તે જ મહાત્મન્ એક બાળકના પ્રેમમાં આર્દ્ર બની ગયા. ખરે જ પ્રેમની શક્તિ અવર્ણનીય છે

**રાજપાળ મગનલાલ વ્હોરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચક્રવર્તી અને વાસુદેવ.

ચાલુ અવસર્પિણી કાળમાં આ ભરતક્ષેત્રમાં ત્રીજા આરાના પ્રાંત ભાગથી લઇ, ચોથા આરાના અંત સુધીમાં નિમ્ન પ્રકારે બાર ચક્રવર્તી અને નવ વાસુદેવ થયા છે. જે ગાથા શ્રવણ કરતાં પૂજ્ય શ્રી હરિભદ્ર સૂરિને આશ્ચર્ય થયેલ અને અર્થ સમજવા સારુ યાકિની સાધ્વી પાસે જવું પડેલ તે ટાંકી એનો ક્રમ સમજાવેલો છે.

ચક્કી દુગ્ગં હરિ પણગં, પણગં ચક્કી કેશવો ચક્કી;
કેશવ ચક્કી કેશવ, દુ ચક્કી અ કેશી અ ચક્કી અ.

આ ગાથામાં વિદ્વાન્ પૂર્વાચાર્યોએ ચક્રી વાસુદેવાદિનો ઉદ્ભવ થવારૂપ ક્રમ દર્શાવી દીધો છે. પ્રથમ બે[૧–૨] ચક્રી, પછી પાંચ વાસુદેવ,[૧,૨,૩,૪,૫,] પાંચ ચક્રી,[૩,૪,૫,૬,૭,] વાસુદેવ,[૬] ચક્રી,[૮] વાસુદેવ,[૭] ચક્રી,[૯] વાસુદેવ,[૮] બે ચક્રી,[૧૦,૧૧,] વાસુદેવ[૯] અને ચક્રી[૧૨] મળી બાર ચક્રવર્તી તેમજ નવ વાસુદેવ ( ૯ પ્રતિવાસુદેવ અને ૯ બળદેવ સમકાલીન હોવાથી સાથે જ ગણી લેવા ) પ્રથમ તીર્થપતિથી માંડી અંતિમ જિન પૂર્વે થઇ જવાનો અનુક્રમ એ જ ઉક્ત ગાથાનો શબ્દાર્થ છે.

**નોંધ:—ચક્રવર્તી**–ભરતક્ષેત્રની છ ખંડ ધરતીનો ભોક્તા હોય છે. તેની સમૃદ્ધિમાં ચૌદ રત્નો ને નવ નિધિ હોય છે. વળી દેવનું સાનિધ્ય હોય છે. ચોસઠ હજાર સ્ત્રીઓનો સ્વામી હોય છે. ખાસ કરી મોક્ષગામી જીવ હોય છે. આ નિયમ એકાંત નથી. તેની પટરાણી યાને સ્ત્રીરત્ન મરીને નર્કે જ જાય છે. તેની માતા ચૌદ સ્વપ્ન દેખે છે. **વાસુદેવ**-ભરતક્ષેત્રની ત્રણ ખંડ ધરતીનો ભોક્તા હોય છે. બળદેવની પદવીવાળા મોટા ભાઇની સલાહથી દરેક કાર્યો કરે છે. ઉભયની માતાઓ જુદી હોય છે ને પિતા એક જ હોય છે. બન્ને વચ્ચે સ્નેહની ગાંઠ અતિ દ્રઢ હોય છે. નીલા અને પીળા વસ્ત્રને ધરનારા તથા તાડ અને ગરુડના ચિહ્નવાળા તેઓ હોય છે. પ્રતિવાસુદેવ પોતાની પૂર્વાવસ્થામાં જે કંઇ જીતીને એકઠું કરે છે તેને આ વાસુદેવ તેના જ ચક્રથી મૃત્યુ પમાડી પોતે ખુંચવી લઇ ભોક્તા બને છે અર્થાત્ ‘ ખોદે કોલ ને ભોગવે ભોરિંગ ’એ ઉક્તિનો સાક્ષાત્કાર કરાવે છે. વાસુદેવને બત્રીશ હજાર સ્ત્રીઓ હોય છે. તેઓ સાથે લબ્ધિથી રૂપ વિકુર્વી ભોગ ભોગવે છે. વાસુદેવનો વર્ણ શ્યામ ને બળદેવનો શ્વેત હોય છે. વાસુદેવ–પ્રતિવાસુદેવ નિયાણાથી થાય છે ને મરીને નર્કે જ જાય છે. બળદેવ કયાં તો મોક્ષે વા સ્વર્ગે જાય છે. વાસુદેવની માતા સાત ને બળદેવની માતા ચાર સ્વપ્ન જુએ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ચક્રી વાસુદેવ યંત્ર

| ક્રમાંક | પદવી | નામ | નગરી | તીર્થ | ગતિ | આયુષ્ય | કોનો જીવ | માતા | સ્ત્રીરત્ન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચક્રી | ભરતરાજ | અયોધ્યા | શ્રી ૠષભદેવનું | મોક્ષ | ૮૪ લક્ષપૂર્વ | ... | સુમંગલા | સુભદ્રા |
| ૨ | ,, | સગર | ,, | શ્રી અજિતનાથનું | ,, | ૭૨ ,, | ... | ... | સુકેશા |
| ૩ | વાસુદેવ | ત્રિપૃષ્ઠ | પોતનપુર | શ્રી શ્રેયાંસનાથનું | સાતમી નર્ક | ૮૪ લક્ષવર્ષ | વિશ્વભૂતિ | મૃગાવતી | ... |
| ૪ | બળદેવ | અચળ | ,, | ,, | મોક્ષ | ૮૫ ,, | સુબળ | ભદ્રા | ... |
| ૫ | પ્રતિવાસુદેવ | અશ્વગ્રીવ | ... | ,, | નર્ક | ... | વિશાખનંદિ | ... | ... |
| ૬ | વાસુદેવ | દ્વિપૃષ્ઠ | દ્વારકા | શ્રી વાસુપૂજ્યજીનું | છઠ્ઠી નર્ક | ૭૪ ,, | પર્વત | ઉમા | ... |
| ૭ | બળદેવ | વિજય | ,, | ,, | મોક્ષ | ૭૫ ,, | પવનવેગ | સુભદ્રા | ... |
| ૮ | પ્રતિવાસુદેવ | તારક | ... | ,, | નર્ક | ૭૨ ,, | વિંધ્યશક્તિ | ... | ... |
| ૯ | વાસુદેવ | સ્વયંભૂ | દ્વારકા | શ્રી વિમળનાથનું | છઠ્ઠી નર્ક | ૬૦ ,, | ધનમિત્ર | પૃથ્વી | ... |
| ૧૦ | બળદેવ | ભદ્ર | ,, | ,, | મોક્ષ | ૬૫ ,, | નંદીસુમિત્ર | સુપ્રભા | ... |
| ૧૧ | પ્રતિવાસુદેવ | મેરક | ... | ,, | નર્ક | ... | બળિરાજા | ... | ... |
| ૧૨ | વાસુદેવ | પુરુષોત્તમ | દ્વારકા | શ્રી અનંતનાથનું | છઠ્ઠી નર્ક | ૩૦ ,, | સમુદ્રદત્ત | સીતા | ... |
| ૧૩ | બળદેવ | સુપ્રભ | ,, | ,, | મોક્ષ | ૫૫ ,, | મહાબળ | સુદર્શના | ... |
| ૧૪ | પ્રતિવાસુદેવ | મધુ | ... | ,, | નર્ક | ... | ચંડશાસન | ... | ... |
| ૧૫ | વાસુદેવ | પુરુષસિંહ | અશ્વપુર | શ્રી ધર્મનાથનું | છઠ્ઠી નર્ક | ૧૦ ,, | વિકટ | અંમકા | ... |
| ૧૬ | બળદેવ | સુદર્શન | ,, | ,, | મોક્ષ | ૧૫ ,, | પુરુષવૃષભ | વિજયા | ... |
| ૧૭ | પ્રતિવાસુદેવ | નિશુંભ | ... | ,, | નર્ક | ... | રાજસિંહ | ... | ... |
| ૧૮ | ચક્રી | મઘવા | શ્રાવસ્તી | ,, | દેવલોક | ૫ ,, | ... | ... | ... |

For Private And Personal Use Only

| ક્રમાંક | પદવી | નામ | નગરી | તીર્થ | ગતિ | આયુષ્ય | કોનો જીવ | માતા | સ્ત્રીરત્ન |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | ચક્રી | સનતકુમાર | હસ્તિનાપુર | શ્રી ધર્મનાથનું | દેવલોક | ૩ લક્ષવર્ષ | ... | ... | સુનંદા |
| ૨૦ | ,, | શાંતિરાજ | ,, | સ્વતીર્થ | મોક્ષ | ૧ ,, | ... | ... | ... |
| ૨૧ | ,, | કુંથુરાજ | ,, | ,, | ,, | ૯૫હજાર વર્ષ | ... | ... | ... |
| ૨૨ | ,, | અરરાજ | ,, | ,, | ,, | ૮૪ ,, | ... | ... | ... |
| ૨૩ | વાસુદેવ | પુરુષપુંડરીક | ચક્રપુર | શ્રી અરનાથનું | છઠ્ઠી નર્ક | ૬૫ ,, | પ્રિયમિત્ર | લક્ષ્મીવતી | ... |
| ૨૪ | બળદેવ | આનંદ | ,, | ,, | મોક્ષ | ૮૫ ,, | સુદર્શન | વૈજયંતી | ... |
| ૨૫ | પ્રતિવાસુદેવ | બળિ | ... | ,, | નર્ક | ... | સુકેતુ | ... | ... |
| ૨૬ | ચક્રી | સુભૂમ | હસ્તિનાપુર | ,, | સાતમી નર્ક | ૬૦ હજારવર્ષ | ... | ... | પદ્મશ્રી |
| ૨૭ | વાસુદેવ | દત્ત | વારાણસી | ,, | પાંચમી નર્ક | ૫૬ ,, | લલિતમિષ | શેષવતી | ... |
| ૨૮ | બળદેવ | નંદન | ,, | ,, | મોક્ષ | ૬૫ ,, | પશુધર્મ | જયંતિ | ... |
| ૨૯ | પ્રતિવાસુદેવ | પ્રહ્લાદ | ... | ,, | નર્ક | ... | ખલમંત્રી | ... | ... |
| ૩૦ | ચક્રી | મહાપદ્મ | હસ્તિનાપુર | શ્રી મુનિસુવ્રતસ્વામી | મોક્ષ | ૩૦ હજારવર્ષ | પુનર્વસુ | સુમિત્રા | મદનાવળી |
| ૩૧ | વાસુદેવ | લક્ષ્મણ | અયોધ્યા | ,, | ચોથી નર્ક | ૧૨ ,, | પદ્મરુચિ | અપરાજીતા =કૌશલ્યા | ... |
| ૩૨ | બળદેવ | રામચંદ્ર | ,, | ,, | મોક્ષ | ૧૫ ,, | શંભુ | ... | ... |
| ૩૩ | પ્રતિવાસુદેવ | દશમુખરાવણ | લંકા | ,, | નર્ક | ... | ... | ... | ... |
| ૩૪ | ચક્રી | હરિષેણ | કાંપિલ્યપુર | શ્રી નમિનાથ પ્રભુ | મોક્ષ | ૧૦ હજારવર્ષ | ... | ... | ... |
| ૩૫ | ,, | જયરાજ | રાજગૃહ | ,, | ,, | ૩ ,, | ... | ... | ... |
| ૩૬ | વાસુદેવ | કૃષ્ણ | શૌરી. દ્વારકા | શ્રી નેમિનાથ પ્રભુ | ત્રીજી નર્ક | ૧ ,, | ગંગદત્ત | દેવકી | ... |
| ૩૭ | બળદેવ | બળરામ | ,, | ,, | દેવલોક | ,, કંઇક અધિક | લલિત | રોહિણી | ... |
| ૩૮ | પ્રતિવાસુદેવ | જરાસંધ | ... | ,, | નર્ક | ... | ... | ... | ... |
| ૩૯ | ચક્રી | બ્રહ્મદત્ત | કાંપિલ્યપુર | ,, | સાતમી નર્ક | ૭૦૦ વર્ષ | ... | ... | વાસુમતિ પુષ્પવતી |

**મોહનલાલ દી. ચોકસી**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ૦ મુનિરાજશ્રી ચરણવિજયજી.

જન્મ વિ. સં. ૧૯૬૧ — ખુડાલા (મારવાડ)

દીક્ષા સંવત્ ૧૯૭૭ — ભાવનગર

કાળધર્મ સંવત્ ૧૯૯૩ — વડોદરા



**સ્વ૦ મુનિરાજ શ્રી ચરણવિજયજી મહારાજની તંદુરસ્તાવસ્થાની છબિ**

**ચ**રણવિજયજી મહારાજનો જન્મ વિ. સ. ૧૯૬૧ માં **ખુડાલા** (મારવાડ)માં વીસા ઓસવાલ જ્ઞાતિમાં થયો હતો. દીક્ષા વિ. સં. ૧૯૭૭ માં **ભાવનગર**માં દીર્ઘાયુઃ શ્રી પ્રવર્તકજી **કાંતિવિજયજી** મહારાજના શુભ હસ્તે થઈ હતી. તેમને સુપ્રસિદ્ધ વિજયવલ્લભસૂરિજીના શિષ્ય વિવેકવિજયના પ્રશિષ્ય તરીકે અને ઉમંગવિજયજી( હાલમાં સૂરિજી )ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

મુનિરાજ શ્રી **ચરણવિજયજી** વિદ્યાભ્યાસંગી, સાહિત્યપ્રેમી, વિદ્વાનો પ્રત્યે વિનમ્ર, ગુરુભક્ત, ઉત્સાહી અને '**सवि जीव करुं शासनरसी**'ની ઉચ્ચ ભાવનાવાળા હતા. તેમના છટાદાર, જુસ્સાદાર, પ્રભાવશાળી ભાષણો તેમની શાસન-ધગશ, ઉચ્ચ કક્ષાની શાસનોત્કર્ષ ભાવનાને સૂચવતાં હતાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આ**ત્માનંદ શતાબ્દી સિરીઝમાં નવીન સંસ્કરણ તરીકે પ્રગટ થયેલાં અને પ્રકાશિત કરાવવા ધારેલાં ગ્રંથ-પુષ્પોમાં તેમનું જીવન ઓતપ્રોત થયેલું હતું. પ્રાસંગિક સમયોચિત ભાવનાવાહી લેખો લખવા તરફ પણ તેઓનું લક્ષ હતું.

નામાંકિત ડૉ. **પ્રાણુલાલભાઈ** નાણાવટી, ડૉ. **મણિભાઇ** કાપડીઆ, ડૉ. **ચંદુભાઈ** વૈદ્ય, વયોવૃદ્ધ **જમનાદાસ** વૈદ્ય જેવા અનુભવી બાહોશ જૈન ડૉ. વૈદ્યોની લાગણીભરી **અમૂલ્ય** સેવા-સલાહો, ઉચ્ચ ઔષધો તથા **વડોદરા**ના ભાવિક શ્રી સંઘના અનેક શકય ઉપચારો સફળ થઇ શકયા નથી. ખંભાતથી **વિજયવલ્લભસૂરિજી** આદિએ, **અમદાવાદથી** વિજયઉમંગસૂરિજી આદિએ, **પાટણથી પ્રવર્તકજી** મહારાજના પરિવારના **પુણ્યવિજયજી** મ. વિગેરેએ **દર્શાવેલ સહાનુભૂતિભર્યાં આશ્વાસનોથી અને સહવર્ત્તમાન શ્રી વિજયકસ્તૂરસૂરિજી, મિત્રવિજયજી,** વિશુદ્ધવિજયજી આદિનાં પ્રયત્નોથી ગંભીર માંદગીના કષ્ટભર્યા સમયમાં પણ વિશુદ્ધ લેશ્યા જાળવી શકયા. **આ**ત્માનંદમાં મગ્ન રહી, ગુરુ-ચરણ-શરણ સ્વીકારી **ચરણ** નામને યથાર્થ સફળ કર્યું.

## અન્તિમ સંદેશ.

ક્ષણભંગુર ચંચલ દેહનો વિશ્વાસ ન હોઇ શકે. વિનશ્વર વસ્તુ વિનષ્ટ થાય તેમાં હર્ષ-શોક શા માટે ? આત્મા તો અનિશ્વર-અમર છે. સુખ-દુઃખ-વેદના એ શુભાશુભ કર્મજન્ય છે, એથી જે રીતે-કર્મ-બંધન થાય, પરંતુ સમસ્ત કર્મોનો ક્ષય થાય એ રીતે-પ્રવૃત્તિ કરવી તે આત્મહિતાવહ છે. રાગ-દ્વેષનો અભાવ-સમભાવ, કષાય-મુક્તિ એ જ્ઞાનાનંદમયી મુક્તિની પ્રાપ્તિ માટે શ્રેષ્ઠ ચાવી જ્ઞાની મહાત્માઓએ દર્શાવી છે. '**उवसमसारं खु सामन्नं**' જ્ઞાનીઓએ શ્રમણત્વને ઉપશમદ્વારા સારરૂપ ફરમાવ્યું છે. ઉપશમ કરનાર આરાધ્ય આરાધે છે-આરાધક થાય છે. પરમ પવિત્ર જૈન પ્રવચનના પરમ હિતકર મુદ્રાલેખને લક્ષ્યમાં રાખી ઉપશમભાવનો આદર કરી હું પણ સકળ શ્રી સંઘને ખમાવું છું. મન, વચન, કાયાદ્વારા મ્હારા તરફની કોઇ પણ પ્રવૃત્તિથી કોઇનું દિલ દુભાયું હોય તો તે બદલ અંતઃકરણથી ક્ષમા યાચું છું. સૌનું શ્રેય થાઓ એ શુભ ભાવના ભાવું છું. **—ચરણવિજય**

( પ્રેષક-**લા. ભ. ગાંધી.** )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





તાજેતરની માંદગી હાલતમાં
લેવાયેલી છબિ

### ખંભાત—

મુનિશ્રી ચરણવિજયજી 'એટલે પૂ૦ આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનો જમણો હાથ,' સૂરિજીની આજ્ઞા એ એમનો જીવન મંત્ર હતો. મુનિશ્રીના સ્વર્ગવાસના સમાચાર સૂરિજીના હૃદયને આઘાત પહોંચાડે તે સ્વાભાવિક છે. આ દુઃખદ સમાચાર મળતાં અત્રે શોક પ્રદર્શિત નિમિત્તે દેવવંદન વગેરે ક્રિયાઓ કરવામાં આવી હતી, અને સદ્ગતના આત્માની શાન્તિ અર્થે કંઇક કરવાની યોજના વિચારવામાં આવેલ છે.

### વડોદરા—

**મુનિશ્રી ચરણવિજયજી મહારાજનો** એ પહાડી અને કદાવર દેહ આમ ક્ષીણ થતું આવશે એવી કલ્પના પણ ઘડીભર માણસને વિસ્મયમાં નાંખે એવું તેઓશ્રીનું શરીર હતું.

છેલ્લા છ માસથી એ શરીરમાં કોઇ જીવલેણ દર્દે પ્રવેશ કર્યો.

ખંભાત અને વડોદરા, બન્ને સ્થાનોએ તે માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા પરંતુ તે નિષ્ફળ ગયા, અને તા. ૫ મી ના રોજ તેઓશ્રીએ આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો.

વિજયકસ્તૂરસૂરિજીએ **શ્રી** ચરણવિજયજી **મહારાજની માંદગીમાં** છેલ્લા છ માસથી અંત સુધી બહુ ધાર્મિક ક્રિયા કરાવી યોગ્ય સારવાર કરી હતી. અન્તિમ કાળે પણ તેઓએ ચઉસરણ પયન્ના, પ્રતિક્રમણ, સંથારા પેરસીની ધાર્મિક મંગળભાવના સંભળાવી સદ્ગતને સમાધિપૂર્વક અંતિમ શુભ આરાધના કરાવી હતી. **વડોદરા**ના ભાવિક **જૈન શ્રીસંઘે** આબાલવૃદ્ધ સૌએ સદ્ગતને બહુ ભકિતથી અંતિમ માન આપ્યું હતું. બહુ ઉત્સવપૂર્વક વાજતે-ગાજતે સર્વ બાલ-યુવક-વૃદ્ધો સાથે સ્મશાનયાત્રા નીકળી હતી. આખે રસ્તે ગુલાલ ઉછાળવાની તથા અન્ન-દ્રવ્ય-દાનાદિ ક્રિયા ચાલુ હતી. અગ્નિસંસ્કારના રૂા. ૫૨) અને કપડાની ઉછામણીના રૂા. ૭૨) બોલી ભાવિકોએ લાભ લીધો હતો. લગભગ એક મણ સુખડ અને બીજી ઉત્તમ વસ્તુઓથી સદ્ગતના શરીરનો અગ્નિસંસ્કાર થયો હતો.

સદ્ગતના માનમાં અઠ્ઠાઇઓચ્છવ કરવા શ્રીસંઘે સ્મશાનમાં જ રૂા. ૫૦૦) જેટલી ટીપ કરી છે ને તે ઓચ્છવ થોડા દિવસમાં શરૂ થશે.

સદ્ગતના સ્વર્ગવાસથી થયેલી દિલગીરી દર્શાવતા ઠેકઠેકાણેથી સંખ્યાબંધ તારો અને પત્રો આવી રહ્યા છે, જેમાંના મુખ્ય મુખ્ય શ્રી સંઘ આગળ વાંચી સંભળાવ્યા છે. (મળેલું)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન બંધુઓની સંવત્સરી નિમિત્તે ક્ષમાપના.

દોહરા

માનવ જીવન આરશી, આજ નિહાળો નેત્ર;
અવલોકો નિજ આત્મને, એ જ ધર્મનું ક્ષેત્ર. ૧

ધર્મ અને સત્કર્મનાં, કીધાં શું શું કાર્ય?
ક્યાં કેવી ભૂલો કરી?, એ સમજે તે આર્ય. ૨

સંવત્સરી સુપર્વનું, નિર્મળ નેક સ્વરૂપ;
**ક્ષમા** ધર્મ આરાધના, આજ બનો તદ્રૂપ. ૩

હરિગીત છંદ

કૈં કૈં નવું શીખવે સદા, શુભ પર્વ આ સંવત્સરી,
શ્રી **जैन** ધાર્મિક તત્ત્વ, ગ્રહજ્યો, અધિક ઊંડા ઉતરી;
**તપ** એ જ સૌ શાસ્ત્રોતણા, સિદ્ધાંતકેરો સાર છે,
ઝળકી રહ્યું **जिनत्व**, એ તપસ્થંભનો આધાર છે.

પોતાતણી રહેણી અને, કરણી સદા નીરખ્યા કરો,
સદ્ધર્મમાં આગળ ધસો, ને પાપથી પાછા ફરો;
આરોગ્ય હો, આબાદ હો, સકુટુમ્બ સુખમાં હો સદા,
આશિષ આપું એ જ કે, નહીં ધર્મને ભૂલો કદા.

રેવાશંકર વાલજી બધેકા

For Private And Personal Use Only

# સ્વીકાર અને સમાલોચના

## ૧. શ્રી લેડી વિલીંગ્ડન અશક્તાશ્રમ સુરત સને ૧૯૩૬ ની સાલનો રિપોર્ટ તથા હિસાબ.

મનુષ્યની સેવા અને અશક્ત મનુષ્ય ઉપર અનુકંપા ધરાવતી આ સંસ્થા અને તેના કાર્યવાહકોને આ નિ:સ્વાર્થ સેવા માટે ધન્યવાદ ઘટે છે. પચીશ વર્ષ થયા આ ખાતું ચાલે છે જેમાં હજારો મનુષ્યોનું પાલનપોષણ, રક્ષણ, દવાદારૂ અને નિભાવ થયા કરે છે અને તેને અંગે એક દવાખાનું પણ સુવ્યવસ્થિત રીતે સંસ્થાના વહીવટની જેમ ચલાવવામાં આવે છે. આ વર્ષમાં ૨૫૩) અશક્તોને ઓછાવત્તા સમય માટે રક્ષણ આપવામાં આવ્યું હતું જેમાં ૮૯ અશક્તો તદ્દન સારા થયા હતા. આ જેવો તેવો પુણ્યનો વિષય નથી. મેનેજીંગ કમીટી અને તેના પ્રમુખ શ્રી શેઠ દલીચંદ વીરચંદની લાગણી તેના ખંતાળુ ને દયાળુ હૃદયની સાક્ષી પૂરે છે. આવા અશક્તાશ્રમ દરેક મોટા શહેરમાં હોવાની જરૂર છે. સારી વ્યવસ્થા, વહીવટની ચોખવટ અને લાગણીયુક્ત કાર્યવાહી હોવાથી જનસમાજ તરફથી ત્યાંની અનેક સગવડો માટે પૈસા મળ્યે જાય છે. તેની હવે પછીની જરૂરીયાત દાનવીરોએ પૂરી પાડવાની રહે છે. સુકૃતની મળેલી લક્ષ્મીનો સદુપયોગ આવા ખાતાની સેવા કરવાથી અને આર્થિક સહાય આપવાથી થાય છે. તેવા મનુષ્યને પુણ્યબંધ થયા કરે છે. તેના રિપોર્ટનું અવલોકન કરતાં તેની વ્યવસ્થા અને થતી સેવા માટે આનંદ જાહેર કરીએ છીએ. દરેક રીતે મદદને પાત્ર હોઈ ભવિષ્યમાં તેની ઉન્નતિ ઇચ્છીએ છીએ.

---

**૨. શ્રી વિદ્યાવિજયજી મહારાજના વ્યાખ્યાનો: ભાગ ૧ લો**—આ ચાતુર્માસમાં કરાંચી શહેરમાં બિરાજમાન શ્રી વિદ્યાવિજયજી મહારાજે જાહેર વ્યાખ્યાનો આપવા શરૂ કરેલા છે. જૈન અને જૈનેતર પ્રજા તેનો સારો લાભ લે છે. ત્યાંના કેટલાક પ્રસિદ્ધ પત્રકારો તે પોતાના પેપરમાં પ્રકટ કરે છે. આ શહેરમાં મુનિમહારાજાઓનું ચોમાસું પ્રથમ હોવાથી તેમજ મહારાજશ્રી પણ ઉદાર વિચાર ધરાવનાર વિદ્વાન હોવાથી દરેક વ્યાખ્યાનો વિદ્વત્તાપૂર્ણ, જનરુચિકર અને અસરકારક આપવામાં આવે છે. વાચકવર્ગને તેમાંથી ઘણું જાણવાનું મળે છે. દરેકને મનનપૂર્વક વાંચવા સૂચના છે. કિંમત ચાર આના. પ્રકાશક—વીકમચંદ તુલસીદાસ મહેતા, ડેન્સો હોલ, કરાંચી.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચર્ચા પત્ર.

હાલમાં " પ્રજાબંધુ " પેપરની ભેટ તરીકે " રાજહત્યા " નામનો ગ્રંથ પ્રકટ થયો છે જેના લેખક શાહ ચુનીલાલ વર્ધમાન છે જેઓ જૈન છે. આ ગ્રંથમાં તેના લેખકે જૈન સાધુઓ અને શ્રાવકો ઉપર ઘણા જ હલકા આક્ષેપો કરેલા હોવાથી શ્રી જૈન સત્ય પ્રકાશ માસિક કે જે મુનિ સંમેલનમાં થયેલ ઠરાવ અનુસાર પ્રગટ થતાં માસિકના વ્યવસ્થાપક દ્વારા તે માટે એક પત્ર લખવામાં આવેલ તેનો જવાબ પણ આ ગ્રંથના લેખકે આપેલ છે જે ઘણાં પેપરોમાં પ્રગટ થયેલ છે તે જોતાં તેનો જવાબ અમોને સંતોષકારક લાગ્યો નથી પરંતુ ઉડાઉ છે. તે ગ્રંથમાં કાલ્પનિક પાત્રો ગોઠવી, કેટલાક કલ્પિત પ્રસંગો યોજી મુનિ અને શ્રાવકોને અયોગ્ય સ્થિતિમાં ચિતર્યા છે. તેમણે જે જવાબ આપ્યો છે તેમાં પોતે કરેલી ભૂલ સુધારવાને બદલે તેમના તે જવાબમાં તેમનું વલણ ખેદ ઉપજાવનારૂં છે. એક જૈનના હાથે લખાયેલા ગ્રંથમાં મુનિઓ અને શ્રાવકો ઉપર આવી જાતના આક્ષેપો કાલ્પનિક ચિત્રોમાં રજૂ કરાયા તે ખેદ ઉપજાવનારી બીના છે તેમજ ઇતિહાસના નામે કે બ્હાને આવા કાલ્પનિક લખાણો કે અઘટિત ટીકાઓ લખાય કે ચિતરાય તે કોઇ પણ રીતે યોગ્ય નથી. જેથી શ્રી જૈન સત્ય પ્રકાશ માસિકના અધિપતિની આ પ્રવૃત્તિ યોગ્ય છે અને તેમણે શાંતિપૂર્વક આ સંબંધમાં પ્રયત્નો કરવા તેમજ શ્રીયુત્ ચુનીલાલ વર્ધમાન શાહને પણ અમો સૂચના કરીએ છીએ કે તેઓશ્રી આ પ્રકરણનો સંતોષકારક નિવેડો લાવે.

---

**૩. જિનવાણી**—તુલનાત્મક દર્શનવિચાર ( આવૃત્તિ બીજી ) મૂળ લેખક હરિસત્ય ભટ્ટાચાર્ય, કલકત્તા. અનુવાદકઃ સુશીલ, ભાવનગર. પ્રકાશકઃ વૈદ્યરાજ નગીનદાસ છગનલાલ, ઊંઝા આયુર્વેદિક ફાર્મસી–અમદાવાદ. જૈનેતર વિદ્વાન આ ગ્રંથના મૂળ લેખક હોવા છતાં જૈન દર્શનનું સ્વરૂપ તુલનાત્મક દ્રષ્ટિએ સર્વ કોઈ સરલતાથી સમજી શકે તે રીતે નવ પ્રકરણોમાં લખેલ છે. અનુવાદક મહાશયે મૂળ લેખકનો આશય જાળવી યોગ્ય રીતે અનુવાદ કર્યો છે. પંડિતજી સુખલાલજીનું નિદર્શન પણ ટુંકાણમાં વાંચવા જેવું છે. કિંમત બાર આના. સારા કાગળ, સુંદર ટાઇપ, સુશોભિત બાઇંડીંગમાં ગ્રંથ પ્રકટ થયેલ હોવાથી મૂલ્ય યોગ્ય છે. મળવાનું સ્થળ પ્રકાશકને ત્યાંથી.

**૪. શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ**—સંવત ૧૯૯૪ ની સાલનું પંચાંગ. કર્ત્તા મુનિરાજ શ્રી વિકાશવિજયજી. લાંબા વખતથી જૈન અને અન્ય જ્યોતિષ ગ્રંથનો અભ્યાસ કરી આ પંચાંગ તૈયાર કરવામાં આવે છે. સૂક્ષ્મ ગણિતવડે અને સાયન, નિરયન પદ્ધતિની કેટલીક હકીકતો સાથે તૈયાર કરવામાં આવે છે. પ્રયાસ સ્તુતિપાત્ર છે. કિંમત બે આના. પ્રકાશક—અમૃતલાલ કેવળદાસ મહેતા,–નાગજી ભુદરની પોળ,–અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છેલ્લા પ્રકાશનો

૧ શ્રી વસુદેવહિંડિ પ્રથમ ભાગ. ૩–૮–૦
૨ શ્રી વસુદેવ હિંડિ ,, દ્વિતીય અંશ ૩–૮–૦
૩ શ્રી બૃહત્ કલ્પસૂત્ર (છેદસૂત્ર) ૧ ભાગ ૪–૦–૦
૪ શ્રી બૃહત્ કલ્પસૂત્ર(છેદસૂત્ર) ૨ ભાગ ૬–૦–૦
૫ શ્રી દેવેન્દ્રસૂરિરચિત ટીકા ચાર કર્મગ્રંથ ૨–૦–૦
૬ શ્રી જૈન મેઘદૂત ૨–૦–૦
૭ શ્રી ગુરૂતત્ત્વ વિનિશ્ચય ૩–૦–૦
૮ ઐન્દ્રસ્તુતિ ચતુર્વિંશતિકા ૦–૪–૦
૯ યોગદર્શન તથા યોગવિંશિકા હિંદી ભાષાંતર સાથે ૧–૮–૦
૧૦ ચેઈવંદણ મહાભાસં ૧-૧૨-૦

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ **શ્રી સામાયિક સૂત્ર,** મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂ. ૦–૨–૬
૨ **શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ** ,, ,, રૂ. ૦-૧૦-૦
૩ **શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર** ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂ. ૧–૪–૦ રૂ. ૧–૧૨–૦.
૪ **શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ.** રૂ. ૦–૨–૦
૫ **શ્રી શત્રુંજય તીર્થ** વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ ચરિત્ર પૂજા સાથે. રૂ. ૦–૪–૦
૬ **શ્રી તીર્થંકર ચરિત્ર.** ( ભાષાંતર ) રૂ. ૦–૧૦–૦
૭ **શ્રી વીશ સ્થાનક પદ પૂજા** ( અર્થ, વિધિ–વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂ. ૦–૧૨–૦

## છપાતાં ગ્રંથો.

૧ શ્રી વસુદેવહિંડિ ત્રીજો ભાગ.
૨ શ્રી ગુણચંદ્રસૂરિકૃત **શ્રી મહાવીર ચરિત્ર.** ભાષાંતર
૩ **પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ.**
૪ **શ્રી બૃહત્કલ્પ** ભાગ ૩–૪.

## શ્રીસ્તોત્રસંદોહ

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવસ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, મળી કુલ ૧૯ સ્તોત્રો, તથા રત્નાકર પચ્ચીશી, અને બે યંત્રો વિગેરેનો **સંગ્રહ** આ ગ્રંથમાં આવેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલ, સુશોભિત બાઇડીંગ અને શ્રી મહાવીર-સ્વામી તથા ગૌતમસ્વામી અને બે પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિનિમિત્તે સાથે આપવામાં આવેલ છે, આટલો મોટો સ્તોત્રોનો **સંગ્રહ**, અને આટલી છબીઓ અને સુંદરતા છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર રૂ. ૦–૪–૦ ચાર આના. ( પોસ્ટેજ જુદુ ) રાખેલ છે. પર્યુષણાપર્વ નજીક આવતા હોવાથી પ્રભાવના કરવા લાયક છે. નિત્ય સ્મરણ કરવા લાયક હોવાથી લાભ લેવા જેવું છે.

લખોઃ—

**શ્રી. જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

બંને ભાગોની થોડી નકલો સીલીકે છે—

## શ્રી બૃહત્કલ્પસૂત્ર બીજો ભાગ.

( મૂળ, ભાષ્ય, ટીકા સહિત. )

અતિમાન્ય આ છેદસૂત્રનો બીજો ભાગ પ્રાચીન ભંડારોની અનેક લિખિત પ્રતો સાથે રાખી અથાગ પરિશ્રમ લઇ સાક્ષરવર્યો મુનિરાજશ્રી **ચતુરવિજયજી** મહારાજ તથા મુનિરાજ શ્રી **પુણ્યવિજયજી** મહારાજે સંશોધન કરી તૈયાર કરેલ છે.

પ્રથમ ભાગ કરતાં બાર ફોર્મનો વધારો થતાં ઘણો જ મોટો ગ્રંથ થયેલ છે અને તે સુંદર બહુ ઉંચા ટકાઉ કાગળ ઉપર, સુંદર શાસ્ત્રી અક્ષરોમાં, શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી છપાવેલ છે. સુશોભિત મજબુત કપડાનું બાઇંડીંગ કરાવ્યું છે. આવું પ્રાચીન સાહિત્ય સુંદર રીતે પદ્ધતિસરનું પ્રકાશન ફક્ત આ સભા જ કરે છે. જૈન જૈનેતર વિદ્વાનો અને હિંદની કોલેજના પ્રોફેસરો, પાશ્ચિમાત્ય અનેક વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરે છે. કિંમત રૂા. ૬-૦-૦ લેવામાં આવશે. ( પોસ્ટેજ જુદું )

## શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

### ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત )

વિસ્તારપૂર્વક વિધિ વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only